# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 19-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આવતીકાલે તેમના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં આશરે 66 અબજ રૂપિયાની વિવિધ યોજનાઓનો શિલાન્યાસ કરશે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ત્રણ દેશોની મુલાકાત પૂરી કરીને માલાવીથી નવી દિલ્હી પહોંચશે.
3) વરિષ્ઠ IPS અધિકારી અજય સિંહ ઝારખંડના નવા પોલીસ વડા બનશે.
4) રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ તરીકે  વિજયા રાહટકરની નિયુક્તિ.
5) જમ્મુ અને કાશ્મીરના નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતા મુબારક ગુલે વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે શપથ લીધા.
6) બેંગલુરૂમાં રમાઈ રહેલી ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ ટેસ્ટ મેચ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના ચોથા  દિવસે ભારત ન્યુઝીલેન્ડ સામે 106 રનથી આગળ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## PM-VARANASI-WITH-V-C

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આવતીકાલે તેમના સંસદીય ક્ષેત્ર વારાણસીની મુલાકાત લેશે. તેઓ તેમના મતવિસ્તારમાં આશરે 66 અબજ રૂપિયાની વિવિધ યોજનાઓનો શિલાન્યાસ કરશે.  પ્રધાનમંત્રી આ દરમિયાન જાહેર સભાઓને પણ સંબોધિત કરશે.

તેમની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. વારાણસીના પોલીસ કમિશનર મોહિત અગ્રવાલે કહ્યું કે, પ્રધાનમંત્રીના દરેક રૂટ પર ડ્રોનથી દેખરેખની વ્યવસ્થા કરવામાં આવી છે.

## PRESIDENT-MALAWI-WITH-V-C.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અલ્જીરિયા, મોરિટાનિયા અને માલાવી એમ ત્રણ દેશોની મુલાકાત પૂરી કરીને માલાવીથી નવી દિલ્હી રવાના થયા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ત્રણ આફ્રિકન દેશોની મુલાકાતે ભારતના ઐતિહાસિક સંબંધોમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. આ ત્રણ આફ્રિકન દેશોની રાષ્ટ્રપતિની પ્રથમ મુલાકાત હતી અને ભારતના રાષ્ટ્રપતિ દરમિયાન આફ્રિકન યુનિયનને G-20 ના કાયમી સભ્ય બનાવ્યાના એક વર્ષ પછી થઈ હતી. . એક સપ્તાહ લાંબી મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તમામ ૩ દેશોના નેતૃત્વ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી અને ભારતીય મૂળના લોકો સાથે વાતચીત કરી. આ મુલાકાત આફ્રિકાના દેશો સાથેના વર્તમાન મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવશે.

## REV.EC---JHARKHAND-DGP

વરિષ્ઠ IPS અધિકારી અજય સિંહ ઝારખંડના નવા પોલીસ વડા બનશે.

ચૂંટણી પંચે ઝારખંડ સરકારને રાજ્યના કાર્યકારી પોલીસ મહાનિદેશક અનુરાગ ગુપ્તાને તાત્કાલિક પદ પરથી હટાવવાનો નિર્દેશ આપ્યો છે. પંચે રાજ્ય સરકારને ગુપ્તાનો ચાર્જ, ડિરેક્ટર જનરલના સ્તરના સૌથી વરિષ્ઠ પોલીસ અધિકારીને સોંપવા જણાવ્યું છે. આ સાથે રાજ્યમાં તૈનાત ભારતીય પોલીસ સેવાના વરિષ્ઠ અધિકારીઓની યાદી સોમવારે સવારે 10 વાગ્યા સુધીમાં રાજ્ય સરકારને સુપરત કરવા સૂચના પણ આપવામાં આવી છે. ચૂંટણી પંચે આ નિર્ણય પંચની સૂચનાઓ પર છેલ્લી ચૂંટણીઓમાં શ્રી અનુરાગ ગુપ્તા સામે કરાયેલી કાર્યવાહીના રેકોર્ડને ધ્યાનમાં રાખીને લીધો છે.

## NCW-CHAIRPERSON

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ તરીકે વિજયા રાહટકરને નિયુક્ત કરવામાં આવ્યા છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે આ અંગે એક જાહેરનામું બહાર પાડ્યું છે. તેમણે મહારાષ્ટ્ર મહિલા પંચના અધ્યક્ષ અને ઔરંગાબાદના મેયર તરીકે સેવા આપી છે. શ્રીમતી વિજયા રાહટકરે ભાજપના રાષ્ટ્રીય સચિવ અને પક્ષની મહિલા પાંખના પ્રમુખ તરીકે પણ સેવા આપી છે.

મંત્રાલયે રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય તરીકે ડો. અર્ચના મજુમદારની નિમણૂક માટે સૂચના પણ બહાર પાડી છે.

## EVE.-J-K---OATH-PRO-TEM-SPEAKER

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ આજે નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતા મુબારક ગુલને કેન્દ્રશાસિત પ્રદેશ વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે શપથ લેવડાવ્યા હતા. મિસ્ટર ગુલ શ્રીનગરના ઇદગાહ મતવિસ્તારમાંથી વિધાનસભામાં ચૂંટાયા છે. તેમને આજે શ્રીનગરના રાજભવનમાં પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરી અને કેબિનેટ મંત્રીઓ હાજર હતા.

શ્રી ગુલને શુક્રવારે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ આ મહિનાની 21મી તારીખે બપોરે 3 વાગ્યે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાના નવા ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવશે.

## RAJNATH-NDC

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે કહ્યું કે અત્યાધુનિક ટેકનોલોજીમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે અને મજબૂત સંરક્ષણ ઇકોસિસ્ટમ બનાવવામાં આવી રહી છે જેથી કરીને સશસ્ત્ર દળો વૈશ્વિક પરિદ્રશ્યમાં ભવિષ્ય માટે મજબૂત અને

લવચીક બની રહે. તેઓ નવી દિલ્હીમાં 62મી નેશનલ ડિફેન્સ કોલેજના દીક્ષાંત સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.તેમણે કહ્યું કે હાલમાં યુદ્ધભૂમિનો વ્યાપ સમુદ્ર, હવા અને પરંપરાગત યુદ્ધક્ષેત્રોથી આગળ વિસ્તર્યો છે. તેમણે કહ્યું કે AI પાસે આગાહી કરવાની અને નિર્ણયો લેવાની અભૂતપૂર્વ ક્ષમતા છે.

આ પ્રસંગે શ્રી સિંહે જણાવ્યું હતું કે આ કોર્સ વિદ્યાર્થીઓના કૌશલ્યમાં વધારો કરશે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે વર્તમાન વૈશ્વિક સંરક્ષણ પરિદ્રશ્યમાં ટેકનોલોજી અને વૈશ્વિક સંબંધોના ક્ષેત્રમાં વ્યૂહાત્મક નિષ્ણાતોની સંખ્યા વધુ હોવી જોઈએ.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલૉ કરી શકો છો...**

## LIVE-SERIES--NEGD

રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ ડિવિઝને તેની વિશેષ જીવંત શ્રેણી અમારા નિષ્ણાતને પૂછો નો પ્રથમ હપ્તો સફળતાપૂર્વક રજૂ કર્યો છે. આનાથી લોકોને વિવિધ વિષયો પર સરકારી અધિકારીઓ અને નિષ્ણાતો સાથે સીધો વાર્તાલાપ કરવા અને ડિજિટલ ઈન્ડિયાના ઉપાયો અંગેના તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયે કહ્યું છે કે ડિજિટલ ઈન્ડિયાની યુટ્યુબ ચેનલ પર પ્રસારિત આ જીવંત સાપ્તાહિક કાર્યક્રમ એક અનોખી પહેલ છે જે સરકારને નાગરિકો સાથે જોડાવાની તક પૂરી પાડશે.

ગઈકાલે પ્રસારિત થયેલો પહેલો એપિસોડ DigiLocker પર કેન્દ્રિત હતો. તે સરકારનું અગ્રણી ઈ-ગવર્નન્સ પ્લેટફોર્મ છે જે નાગરિકોને મહત્વપૂર્ણ દસ્તાવેજો અને પ્રમાણપત્રોને ડિજિટલ સ્વરૂપમાં સંગ્રહિત, ચકાસણી અને રજૂ કરવાની તક પૂરી પાડે છે.

## JHARKHAND-INDIA-BLOCK-ALLIANCE

ઈન્ડિ ગાંઠબંધને ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે બેઠકોની ફાળવણી નક્કી કરી લીધી છે. ઝારખંડ મુક્તિ મોરચા અને કોંગ્રેસ 70 બેઠકો પર ચૂંટણી લડશે. ઝારખંડ મુક્તિ મોરચાના કાર્યકારી અધ્યક્ષ હેમંત સોરેને રાંચીમાં પત્રકારોને જણાવ્યું હતું કે 11 બેઠકો રાષ્ટ્રીય જનતા દળ અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી-એમએલને આપવામાં આવેલ છે. શ્રી સોરેને કહ્યું કે ઝારખંડ મુક્તિ મોરચા અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણી ટૂંક સમયમાં કરવામાં આવશે. શ્રી સોરેને કહ્યું કે ઉમેદવારોની યાદી તૈયાર છે અને ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

## REV.-KHADI-EXHIBITION-(VC)

રાજધાનીમાં દિલ્હી હોટ આઈએનએ ખાતે ખાસ ખાદી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. દેશભરમાં ખાદી મહોત્સવ અંતર્ગત આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેનો ઉદ્દેશ વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારત જેવા અભિયાનોને પ્રોત્સાહન આપવાનો અને ખાદી કારીગરોની આવક વધારવાનો છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી જીતન રામ માંઝીએ ગઈકાલે પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી માઝીએ લોકોને શક્ય તેટલી વધુ ખાદી અને સ્થાનિક ઉત્પાદનો ખરીદવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે આ પ્રદર્શનનો ઉદ્દેશ્ય સ્થાનિક કારીગરો અને પરંપરાગત કારીગરોની આર્થિક સ્થિતિને મજબૂત કરવાનો છે.

## EVE-CRICKET

બેંગલુરૂમાં રમાઈ રહેલી ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ ટેસ્ટ મેચ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના ચોથા  દિવસે ભારત ન્યુઝીલેન્ડ સામે 106 રનથી આગળ છે.

બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ચોથા દિવસે ભારત તેની બીજી ઇનિંગમાં 462 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત હાલમાં ન્યુઝીલેન્ડ સામે 106 રનથી આગળ છે. અગાઉ, , સરફરાઝ ખાનના શાનદાર 150 રન હતા પણ ઋષભ પંત, સદી ચૂકી ગયો હતો. વરસાદથી પ્રભાવિત શરૂઆતની ટેસ્ટ મેચના ચોથા દિવસે ચાના સમયે ભારતે છ વિકેટે 438 રન બનાવ્યા હતા.

ભારત હાલમાં વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ટોચ પર છે, જ્યારે ન્યુઝીલેન્ડ છઠ્ઠા સ્થાને છે.

## SL--EDUCATION-INDIA-SUPPORT

ભારતે શ્રીલંકાની  નવ શાળાઓના વિનિર્માણ માટે સહાયની રકમ વધારી છે.છે. શ્રીલંકાની વિનંતી પર ભારત સરકારે તેની નાણાકીય પ્રતિબદ્ધતા બમણી કરી છે. હવે તેની કુલ પ્રોજેક્ટ કિંમત શ્રીલંકાના 600 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. શુક્રવારે ભારતના રાજદૂત સંતોષ ઝા અને શ્રીલંકાના શિક્ષણ સચિવ જે.એમ. થિલાકા જયસુંદર વચ્ચે રાજદ્વારી પત્રો પર હસ્તાક્ષર અને વિનિમય કરવામાં આવ્યો હતો.

આ પહેલ માળખાકીય વિકાસ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે શ્રીલંકા સાથે ભારતની વ્યાપક વિકાસ ભાગીદારીનો એક ભાગ છે. વિવિધ પરિયોજના દ્વારા શિક્ષણને પ્રાથમિકતા અપાઈ  છે. આ ક્ષેત્રમાં ભારતનું સમર્થન શાળાના નવીનીકરણ, ઈ-લાઈબ્રેરી સેટઅપ, વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો અને સ્માર્ટ ક્લાસરૂમ સુધી વિસ્તરે છે.

## RPF---DELHI-HALF-MARATHON

રેલવે સંરક્ષણ દળ -આરપીએફ આવતીકાલે દિલ્હીમાં હાફ મેરેથોનમાં ભાગ લેશે. જેનો ઉદ્દેશ્ય બાળ તસ્કરી સામે જાગૃતિ વધારવાનો છે. રેલ્વે મંત્રાલયે કહ્યું

કે આરપીએફનું સૂત્ર - અમારું મિશન: ટ્રેનોમાં બાળ તસ્કરી અટકાવવું - સમગ્ર રેલ્વે નેટવર્કમાં બાળ તસ્કરી સામે જાગૃતિ ફેલાવવાનો છે.

આરપીએફની આ પહેલનો હેતુ દરેકના સામૂહિક પ્રયાસો દ્વારા બાળકોને શોષણ અને દુર્વ્યવહારથી બચાવવાનો છે. આ, મેરેથોનમાં **26 RPF** સભ્યો હાફ મેરેથોનમાં ભાગ લેશે, જે આ અભિયાન પ્રત્યે **RPF**ની તાકાત, એકતા અને પ્રતિબદ્ધતા દર્શાવશે. મંત્રાલયે જણાવ્યું છે કે જનભાગીદારી વધારવા માટે, **RPF** બેન્ડ રેલવે ભવન પાસે જીવંત પ્રસ્તુતિ કરશે,

આરપીએફએ લોકોને આ પહેલને ટેકો આપવા અને બાળ તસ્કરી સામે પગલાં લેવા હાકલ કરી છે.

## PRADHAN--VISIT

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આવતીકાલથી સિંગાપોર અને ઓસ્ટ્રેલિયાની સાત દિવસીય મુલાકાતે જશે. આ મુલાકાત શિક્ષણમાં પરસ્પર હિતના નિર્ણાયક ક્ષેત્રોમાં સહયોગ, સહભાગિતા અને તાલમેલને પ્રોત્સાહન આપશે તેવી અપેક્ષા છે. સિંગાપોરની તેમની બે દિવસીય મુલાકાતના પ્રથમ તબક્કામાં શ્રી પ્રધાન આવતીકાલે ભારતીય મૂળના લોકોને સંબોધિત કરશે. બીજા દિવસે, શ્રી પ્રધાન સિંગાપોરના પ્રધાનમંત્રી  લોરેન્સ વોંગ અને નાયબ પ્રધાનમંત્રી  ગાન કિમ યોંગ અને અન્ય વરિષ્ઠ નેતાઓને મળશે.

ઓસ્ટ્રેલિયાની તેમની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન, શિક્ષણ મંત્રી આ મહિનાની 23મી તારીખે મેલબોર્નમાં શિક્ષણ મંત્રી જેસન ક્લેર એમપીને મળશે.